# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકાર દેશની શિક્ષણ પ્રણાલીનું આધુનિકીકરણ કરી રહી છે

2) પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીની આતંકવાદીઓને તાલીમ આપવાની કબૂલાત પર સંયુકત્ રાષ્ટ્રસંઘમાં ભારતે સખત શબ્દોમાં ઝાટકણી કાઢી.

3) આતંકવાદી હુમલા મામલે દેશની એકતા પ્રદર્શિત કરવા સંસદનું એક દિવસનું વિશેષ સત્ર બોલાવવા કોંગ્રેસની માંગ.

4) કેનેડાની યોજાયેલી ચૂંટણીમાં માર્ક કાર્નીના નેતૃત્વ હેઠળની લિબરલ પાર્ટી બહુમતી તરફ અગ્રેસર.

5) ચારધામ યાત્રાના આવતીકાલે યોજાનારા ઉદઘાટન કાર્યક્રમનું આકાશવાણી ઉપરથી જીવંતપ્રસારણ થશે.

6) IPLમાં આજે દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઇડર્સ વચ્ચે મુકાબલો.

..........................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-YUGM-EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સરકાર 21મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે દેશની શિક્ષણ પ્રણાલીનું આધુનિકીકરણ કરી રહી છે અને  દેશના દરેક વિદ્યાર્થી માટે વિશ્વ કક્ષાનું જ્ઞાન લાવવામાં આવી રહ્યું છે. શ્રી મોદીએ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે સરકાર, શિક્ષણવિદો, ઉદ્યોગ અને નવીનતા માટે યોજાયેલી યુગ્મ પરિષદમાં બોલતા આ મુજબ જણાવ્યું હતું. તેમણે ભાર મૂક્યો હતો કે દેશનું ભવિષ્ય તેના યુવાનો પર નિર્ભર છે, તેથી જ તેમને ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે તૈયાર કરવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ દેશમાં પરિવર્તન લાવી રહી છે.

## (બાઇટ- નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી EDU.POLICY)

નવા સંશોધનો અને નવિનિકરણ માટે યુગ્મ પરિષદને પ્રધાનમંત્રીએ નવા શિખરો સર કરનારી ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે વિકસિત ભારત માટેના સંકલ્પને સાકાર કરવાના સહિયારા પ્રયાસોને યુગ્મ વધુ બળ આપશે. તેમણે કહ્યું હતુંકે ડિપટેકમાં ભારતની ભૂમિકાને પણ યુગ્મ વધુ મજબૂત બનાવશે તેમ પણ પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું.

## (બાઇટ- નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી PM HOPE)

# PM-PARSHURAM JAYANTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પરશુરામ જયંતિ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે, શસ્ત્રો અને પવિત્ર ગ્રંથોમાં તેમના ગહન જ્ઞાન માટે જાણીતા ભગવાન પરશુરામના આશીર્વાદ દરેકના જીવનને હિંમત અને શક્તિથી ભરી દેશે.

# INDIA EXPOSE-PAK

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પહેલગામ આતંકવાદી હુમલાનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો છે અને આતંકવાદીઓને તાલીમ અને ભંડોળ પૂરું પાડવાના પાકિસ્તાનના મંત્રીની "કબૂલાત"ની પણ ઝાટકણી કાઢી છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફના તાજેતરના ટેલિવિઝન ઇન્ટરવ્યુ તરફ ઈશારો કરતા યુએનમાં ભારતના નાયબ કાયમી પ્રતિનિધિ યોજના પટેલે કહ્યું કે, આતંકવાદી સંગઠનોને ટેકો આપવા, તાલીમ આપવા અને ભંડોળ પૂરું પાડવાના પાકિસ્તાનના ઇતિહાસ અંગે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાનની કબૂલાત આખી દુનિયાએ સાંભળી છે. તેમણે કહ્યું કે, આ જાહેર કબૂલાત પાકિસ્તાનને વૈશ્વિક આતંકવાદને પ્રોત્સાહન આપનાર અને પ્રદેશને અસ્થિર બનાવનાર દુષ્ટ દેશ તરીકે પ્રસ્થાપિત કરે છે. રાજદૂત પટેલે ભારત વિરુદ્ધ પ્રચાર અને પાયાવિહોણા આરોપો લગાવવા માટે વૈશ્વિક મંચનો દુરુપયોગ કરવા બદલ પણ પાકિસ્તાનની ટીકા કરી હતી.

રાજદૂતે કહ્યું કે, ભારત પહેલગામ ખાતે તાજેતરના આતંકવાદી હુમલાના પગલે વિશ્વભરના નેતાઓ અને સરકારો દ્વારા આપવામાં આવેલા મજબૂત સમર્થનની ખૂબ પ્રશંસા કરે છે અને તેની કદર કરે છે.

# LOP LETTER :SPECIAL SESSION

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પહેલગામમાં થયેલા ક્રૂર આતંકવાદી હુમલા બાદ રાષ્ટ્રના સામૂહિક સંકલ્પ દર્શાવવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની હાકલ કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં, શ્રી ખડગેએ જણાવ્યું કે, જ્યારે દેશમાં એકતા ખૂબ જ જરૂરી છે, ત્યારે 22 એપ્રિલ 2025 ના રોજ નિર્દોષ નાગરિકો પર થયેલા હુમલા સામે એકજૂથતા  દર્શાવવા માટે વહેલી તકે સત્ર બોલાવવું મહત્વપૂર્ણ છે.

# LOC-FIRING

જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા નજીક કેટલાક સ્થળોએ ગઈકાલે રાત્રે પાકિસ્તાની સેનાએ ગોળીબાર કર્યો હતો જેનો ભારતીય સૈનિકોએ વળતો જવાબ આપ્યો હતો. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું છે કે, પાકિસ્તાની સેનાએ કુપવાડા અને બારામુલ્લા જિલ્લાઓ અને અખનૂર સેક્ટરમાં કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો. ભારતીય સૈનિકોએ તાત્કાલિક અને અસરકારક રીતે જવાબ આપ્યો હતો. કોઈ જાનહાનિના અહેવાલ નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV. CANADA ELECTIONS

માર્ક કાર્નીની લિબરલ પાર્ટી કેનેડામાં ચૂંટણી જીતવા તરફ અગ્રેસર થઇ રહી છે.. તાજા વલણો અનુસાર, લિબરલ પાર્ટી હાલમાં 167 બેઠકો પર આગળ છે, જ્યારે પિયર પોઇલીવ્રેના નેતૃત્વ હેઠળની કન્ઝર્વેટિવ પાર્ટી ૧૪૫ બેઠકો પર આગળ છે. બહુમતી સરકાર મેળવવા માટે, પક્ષે 343 બેઠકોમાંથી ઓછામાં ઓછી 172 બેઠકો જીતવી આવશ્યક છે.

પાર્ટી સમર્થકોને સંબોધતા, કાર્નેએ કેનેડિયનોને મજબૂત અને મુક્ત કેનેડા બનાવવા માટે પરિવર્તનકારી પગલાં માટે તૈયાર રહેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ કેનેડાને તોડવાનો પ્રયાસ કરીને પોતાના કબજામાં લેવાના પ્રયાસ કરી રહ્યા છે પરંતુ તે ક્યારેય સફળ થશે નહીં

# CHAR DHAM – AHASHVANI

ચાર ધામ યાત્રાનો આવતીકાલથી પ્રારંભ થશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આવતીકાલથી શરૂ થઈ રહેલી ચાર ધામ યાત્રા દરમિયાન વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે રાજ્યના તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે બેઠક યોજી હતી. દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથના પવિત્ર સ્થળોના દર્શન કરવા આવે છે.

આકાશવાણી ચારધામ યાત્રા 2025ના ઉદ્ઘાટનનું જીવંત પ્રસારણ કરશે. ગંગોત્રી ધામના ઉદ્ઘાટનનું જીવંત પ્રસારણ આવતીકાલે સવારે 10 થી 11 વાગ્યા સુધી કરાશે, જ્યારે યમુનોત્રી ધામનું જીવંત પ્રસારણ સાડા અગિયાર થી સાડા બાર વાગ્યા સુધી કરાશે. કેદારનાથ ધામના ઉદ્ઘાટનનું જીવંત પ્રસારણ બીજી મે ના રોજ સવારે છ વાગે કરાશે, જ્યારે બદ્રીનાથ ધામના ઉદ્ઘાટનનું જીવંત પ્રસારણ ચોથી મે ના રોજ સવારે સાડા છ થી સાડા સાત વાગ્યા સુધી કરાશે.

આ જીવંત પ્રસારણ આકાશવાણીના ઇન્દ્રપ્રસ્થ, એફએમ ગોલ્ડ અને આરાધના ચેનલ તેમજ ન્યૂઝએર એપ પર ઉપલબ્ધ રહેશે. યાત્રા સંબંધિત અહેવાલ આવતીકાલથી ચોથી મે સુધી દરરોજ સાંજે સાડા સાત થી પોણા આઠ વાગ્યા સુધી પ્રસારિત કરવામાં આવશે.

# PAKISTAN BLAST

પાકિસ્તાનમાં, ગઈકાલે અશાંત ખૈબર પખ્તુન્ખ્વા પ્રાંતમાં શાંતિ સમિતિના કાર્યાલયમાં થયેલા શક્તિશાળી બોમ્બ વિસ્ફોટમાં સાત લોકો માર્યા ગયા હતા અને નવ અન્ય ઘાયલ થયા હતા. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે, 16 ઘાયલોને સારવાર માટે લાવવામાં આવ્યા હતા, જેમાંથી સાત લોકોના મોત થયા હતા. હજુ સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.

નવેમ્બર 2022 માં પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) સાથે યુદ્ધવિરામ કરાર તૂટી ગયા પછી, પાકિસ્તાનમાં, ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં આતંકવાદી હુમલાઓમાં વધારો થયો છે..

# NEW POPE CONCLAVE

વેટિકન સીટીએ જાહેરાત કરી છે કે સ્વર્ગસ્થ પોપ ફ્રાન્સિસના ઉત્તરાધિકારીની પસંદગી માટે આગામી મહિનાની સાતમી તારીખે એક ગુપ્ત બેઠક યોજાશે. આ નિર્ણય કાર્ડિનલ્સની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો. પોપ ફ્રાન્સિસનું 21 એપ્રિલના રોજ અવસાન થયું હતું.

પરંપરા મુજબ, નવા પોપની પસંદગી માટે સિસ્ટાઇન ચેપલમાં મતદાન થશે. વિશ્વભરમાં 225 કાર્ડિનલ્સ છે, જેમાંથી 135 કાર્ડિનલ્સ 80 વર્ષથી ઓછી ઉંમરના છે, જે મતદાન કરી શકે છે.

# IPL

IPLમાં આજે દિલ્હી કેપિટલ્સનો સામનો કોલકાતા નાઈટ રાઇડર્સ સામે થશે. આ મેચ દિલ્હીમાં સાંજે સાડા સાત વાગ્યાથી રમાશે.

જ્યારે ગઈકાલે રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઇટન્સને આઠ વિકેટથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે રાજસ્થાનને 210 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જે રાજસ્થાને સોળમી ઓવરમાં 212 રન બનાવીને સરળતાથી પ્રાપ્ત કર્યો હતો. રાજસ્થાન માટે, વૈભવ સૂર્યવંશીએ 38 બોલમાં સદી ફટકારી હતી અને યશસ્વી જયસ્વાલે અણનમ 70 રન બનાવ્યા હતા.

# SUDIRMAN CUP BADMINTON

BWS સુદિરમન કપ બેડમિન્ટનના અંતિમ ગ્રુપ-D મેચમાં આજે ચીનના ઝિયામેનમાં ભારતનો મુકાબલો ઇન્ડોનેશિયા સામે થશે.

રવિવારે ભારતને ડેનમાર્ક સામે 1-4થી હારનો સામનો કરવો પડ્યો હતો. સ્પર્ધામાં ટકી રહેવા માટે ભારતે ઇન્ડોનેશિયાને હરાવવું પડશે. 2011 અને 2017 માં ભારતે આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું.

# POWER OUTAGE SPAIN & PORTUGAL

સ્પેન અને પોર્ટુગલમાં ધીમે ધીમે વીજળી પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવી રહ્યો છે. વીજ પુરવઠામાં વિક્ષેપને કારણે આ બંને દેશોમાં જનજીવન ઠપ થઈ ગયું હતું. જેના કારણે વિમાનો અને જાહેર પરિવહન વ્યવહાર બંધ થયો હતો અને હોસ્પિટલ સેવાઓ ખોરવાઈ ગઈ હતી.

વીજળી પુરવઠા સંકટને ધ્યાનમાં રાખીને સ્પેનિશ ગૃહ મંત્રાલયે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી હતી અને દેશભરમાં ત્રીસ હજાર પોલીસકર્મીઓને તૈનાત કર્યા હતા.

સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે પુષ્ટિ કરી હતી કે દેશના લગભગ અડધા ભાગમાં વીજળી પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. પોર્ટુગલના પ્રધાનમંત્રી લુઈસ મોન્ટેનેગ્રોએ વીજ સંકટ પાછળ સાયબર હુમલા થયો હોવાની વાતને ફગાવી દીધી છે. પોર્ટુગલના વીજ પુરવઠા સંગઠને કહ્યું છે કે ગ્રીડને સંપૂર્ણપણે સ્થિર કરવામાં એક અઠવાડિયું લાગી શકે છે. ફ્રાન્સના કેટલાક ભાગોમાં વીજળી પુરવઠો ખોરવાઈ ગયો છે.